માટીમાંથી મૂર્તી બનાવતા કારીગરો મા
સરકારશ્રીની સહાય યોજના

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-આરટીઆઇ/૧૦૨૦૧૫/૫૦૫/ખ-૧
સચિવાલય ગાંધીનગર
તાઃ- ૨૨ - ૭ - ૨૦૧૫

વંચાણે લીધા: કમિશ્નરશ્રી કુટિર અને ગ્રામોધોગની તા.૨૭-૪-૨૦૧૫ની નોંધથી સીંગલ ફાઇલ સીસ્ટમથી મળેલ દરખાસ્ત

**પ્રસ્તાવના:**

ગુજરાતમાં ગણેશજી અને દશામાંની મૂર્તીઓ મહદઅંશે પ્લાસ્ટર ઓફ પેરીસના ઉપયોગથી બનાવવામા આવે છે. રાજયના નાના મોટા શહેરોમાં નાના અને મોટા પાયે કારીગરો મૂર્તી બનાવવાની કામગીરી કરવા જોડાયેલ છે. પ્લાસ્ટર ઓફ પેરિસ (POP) અને મોલ્ડના ઉપયોગ થી આકર્ષક આકારની મૂર્તીઓ બનાવી, આકર્ષક રંગ કરી, સરળતાથી વ્યક્તિગત ધોરણે અને કેટલાક કિસ્સાઓમાં કારખાનાઓમાં મૂર્તીઓ બનાવવામાં આવે છે. આ મૂર્તીઓની કિંમત સામાન્ય ખરીદનારને પોસાય તેવી હોઇ, ગ્રાહકો પણ POPની ઓછી કિંમત વાળી મૂર્તીઓ ખરીદવા પ્રેરાય છે. દર વર્ષે ગણેશ મહોત્સવ, દશામાનું વ્રત, રામાદેવપીરના માંડવા ઉત્સવ જેવા અનેક તહેવારો દરમ્યાન જે તે દેવી દેવતાઓની પ્લાસ્ટર ઓફ પેરીસના મટેરીયલમાં તૈયાર કરેલ મૂર્તીઓ મોટી સંખ્યામાં નદી, તળાવ, જળાશયો વિગેરે અને સમુદ્રના પાણીમાં વિસર્જિત કરવામાં આવે છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તીઓમાં ઉપયોગમાં લેવાતા રાસાયણિક રંગોના કારણે વિસર્જન સમયે પાણીના કુદરતી સ્ત્રોતોને નુકશાન પહોચે છે, પાણીમાં પ્રદુષણ ઉત્પન્ન થાય છે તેમજ આવા આ પ્રદુષિત પાણીના કારણે ચર્મ રોગ સહિત કેટલાક રોગો પણ થાય છે. આમ પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તીઓના વિસર્જનને કારણે પર્યાવરણને ખૂબજ નુકશાન થાય છે.

આ પ્રકારનું નુકસાન થતું અટકાવવા, પ્લાસ્ટર ઓફ પેરીસની કેમીકલયુક્ત રંગથી મૂર્તીઓ બનાવવા સાથે સંકળાયેલ કારીગરોને યોગ્ય તાલીમ આપી માટીમાંથી ઇકો ફ્રેન્ડલી મૂર્તીઓ બનાવવા તરફ વાળવા માટે રાજ્ય સરકાર દ્વારા કમિશનર, કુટીર અને ગ્રામોદ્યોગ મારફતે માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન (જી.એમ.કે.આર.ટી.આઇ) દ્વારા એક ખાસ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. આ કારીગરોને નવી પધ્ધતિથી મૂર્તી બનાવવામા, પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તીઓની ઉત્પાદન અને વેચાણ કિંમત ઓછી હોવાના અને માટીની મૂર્તીની ઓછી આકર્ષકતા વગેરે કારણોસર ઇકો ફ્રેન્ડલી મૂર્તીઓના વેચાણ ઉપર અસર થવાની શક્યતાઓ રહેલી છે. જેથી ઇકો ફ્રેન્ડલી મૂર્તીઓ બનાવવા તરફ કારીગરોને વાળવા તથા પ્લાસ્ટર ઓફ પેરીસ અને કેમીકલયુક્ત રંગોથી બનાવેલ મૂર્તીઓની સામે હરીફાઇમાં ટકી રહેવા માટે અને આવા POPના કારીગરોને વધુ આર્થિક નુકસાન ન થાય તેને અનુલક્ષીને પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તી બનાવતા વધુ ને વધુ કારીગરો આગામી વર્ષોમાં માટીની ઇકો ફ્રેન્ડલી મૂર્તી બનાવતા થાય તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા માટીમાંથી મૂર્તી બનાવવા આ તમામ કારીગરો માટે (૧) રો મટીરીયલ બેંક સ્થાપી તેના દ્વારા માટી રાહત દરે પુરી પાડવી અને (૨) તૈયાર થયેલ મૂર્તીના વેચાણ ઉપર સહાય આપવા માટેની સહાય યોજના બહાર પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

[૨........]

ઠરાવઃ-

આ બાબતે કાળજીપુર્વકની વિચારણાને અંતે માટીની ઇકો ફ્રેન્ડલી મૂર્તીઓ બનાવવા તરફ વળેલા કારીગરો તથા માટીની ઇકો ફ્રેન્ડલી મૂર્તીઓ બનાવતા હયાત કારીગરોને જે જી.એમ.કે.આર.ટી.આઇ માં નોંધાયેલ હોય તેને (૧) રો-મટીરીયલ બેંક સ્થાપી માટીની નિયત થયેલ કિમંત ઉપર ૫૦ ટકા દરે સબસીડી ચુકવવાનું અને (૨) તેઓ દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલ ૧ ફુટ થી ૯ ફુટ સુધીની માટીની મૂર્તીઓના વેચાણ ઉપર પ્રતિ મૂર્તી પ્રતિ ફુટ ₹. ૧૦૦/- લેખેની સહાય મહત્તમ ૯ ફુટની મૂર્તી માટે મહત્તમ ₹. ૯૦૦/- સુધીની અને મૂર્તીના વેચાણ ઉપર કારીગર દીઠ વધુમાં વધુ ₹. ૫૦૦૦૦/- ની મહત્તમ વાર્ષિક મર્યાદામાં નીચે મુજબની જોગવાઇઓ અને શરતોને આધિન સહાય ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

(ક). જી.એમ.કે.આર.ટી.આઇ દ્વારા રો મટેરીયલ બેંક અને માટીની ખરીદી ઉપર ૫૦ ટકા સબસીડી આપવા નીચે મુજબ કામગીરી કરવાની રહેશે.

૧. સરકારશ્રીના ખરીદીના નિયમો/ધારાધોરણોથી માટીની ખરીદી કરવાની રહેશે.

૨. જરૂરીયાત મુજબ જે તે શહેરમાં ગોડાઉન જરૂરીયાતના સમયગાળા માટે જરૂર પડયેથી ભાડેથી રાખવાના રહેશે તથા અન્ય માળખાગત સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૩. માટીની ખરીદ કિંમતના ૫૦ ટકા રાહત દરે માટી કારીગરોને વેચાણથી આપવાની રહેશે.

૪. કારીગરને સહાયની રકમ કોઇપણ સંજોગોમાં રોકડમાં ચૂકવવાની રહેશે નહીં.

(ખ). કારીગરની પાત્રતા અને મૂર્તીના વેચાણ ઉપર સહાય મંજુર કરવા અંગેના માપદંડો નીચે મુજબના રહેશે.

૧. કારીગર જી.એમ.કે.આર.ટી.આઇ સાથે નોંધાયેલ હોવો જોઇએ.

૨. જે કારીગર જી.એમ.કે.આર.ટી.આઇ પાસેથી માટી ખરીદી મૂર્તીઓનું ઉત્પાદન કરી વેચાણ કરશે તેને જ સહાય ચુકવવાપાત્ર થશે.

૩. કારીગર દ્વારા ગ્રાહકને બીલ આપવાનું રહેશે.

૪. કારીગર દ્વારા પાણીમાં ઓગળી જાય તેવા રંગનો જ ઉપયોગ કરવાનો રહેશે.

૫. ૯ ફૂટથી વધુ ઉંચાઇ ધરાવતી મૂર્તીઓ સહાયને પાત્ર થશે નહી.

૬. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષથી સ્થાયી થયેલ હોય અને જી.એમ.કે.આર.ટી.આઇમાં નોંધાયેલ હોય તેવા કારીગરને મળવા પાત્ર થશે.

૭. ફક્ત ગણેશ ચતુર્થી, દશામાનું વ્રત, રામદેવપીરનો માંડવો, વગેરે જેવા ધાર્મિક તહેવારો દરમ્યાન દેવી-દેવતાઓની મૂર્તીઓના કરવામાં આવેલ ઉત્પાદન અને વેચાણ ઉપર જ સહાય મળવાપાત્ર થશે.

૮. રાજ્યમાંથી કે રાજ્ય બહારથી ખરીદવામાં આવેલ મૂર્તીઓ ઉપર સહાય મળવાપાત્ર થશે નહીં.

૯. કારીગરે સબસીડી મેળવવા માટે સામેલ એનેક્ષર-૧માં આપેલ નમૂના મુજબનું ક્લેઇમ ફોર્મ નિભાવી, મૂર્તીઓના વેચાણનો સમયગાળો પૂર્ણ થાય ત્યાર બાદ મોડામાં મોડું ડિસેમ્બર માસના અંત સુધીમાં જી.એમ.કે.આર.ટી.આઇ માં રજૂ કરવાનું રહેશે. કારીગર દ્વારા સહાયના ક્લેઇમ સાથે બીલની એક નકલ રજૂ કરવાની રહેશે.

૧૦. આ સહાય કુટુંબદીઠ એક જ વ્યક્તિને મળવાપાત્ર થશે.

આ યોજના અન્વયે સહાયનો ખર્ચ ઇન્ફોર્મલ સેક્ટરની નીચેના બજેટ સદરે ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નં. | : | ૪૯ (પ્લાન) |
| મુખ્ય સદર | : | ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉદ્યોગો |
| ગૌણ સદર | : | ૨૦૦ અન્ય ગ્રામ ઉદ્યોગો |
| પેટા સદર | : | (૦૧) આઇ.એન.ડી. ૩૦ ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ્ય પ્રાદ્યોગિકી સંસ્થાન |
| હેતુ સદર | : | ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન |

આ ઠરાવના અમલીકરણ બાબતની માગર્દર્શક સૂચનાઓ કમિશ્નરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી દ્વારા બહાર પાડવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૬ -૫ - ૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તેમજ તેમના નામે.

(એ.બી. મૂનિ)
ઉપ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ:- એનેક્ષર ૧

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, (કુટિર ઉદ્યોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી,(કુટિર ઉદ્યોગ) અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,(ઉદ્યોગ) ના અંગતમદદનીશ, બ્લોક નં-૫/૩, સચિવાલય ગાંધીનગર.
- સચિવશ્રી, (કુટીર ઉદ્યોગ) ના અંગતમદદનીશ, બ્લોક નં-૫/૨, સચિવાલય ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગના અંગતમદદનીશ, બ્લોક નં-૪/૫, સચિવાલય ગાંધીનગર
- કમિશ્નરશ્રી,[કુટિર ઉદ્યોગ]ના અંગત મદદનીશ, બ્લોક નં-૭/૨, ઉદ્યોગ ભવન, સેકટર નં-૧૧, ગાંધીનગર.
- સર્વે જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર [કમિશ્નરશ્રી,કુટિર અને ગ્રામોદ્યોગ કચેરી મારફત]
- હિસાબી અને તિજોરી નિયામકશ્રી, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર
- બજેટશાખા/નાણાશાખા/આયોજન શાખા/ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- પસંદગી ફાઇલ